ક્રમાંકઃશ્ર.આ.૬/૨/ ૨૦૧૮ /૧૪૧૬થી૧૫૨૬
શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજય,
ISO 9001:2015
ઉધોગ ભવન, બ્લોક નં. ૧૧, ૧૨ અને ૧૪,
બીજો માળ, સેકટર-૧૧, ગાંધીનગર.
તા.૨૯-૦૯-૨૦૧૮

પ્રતિ,

(૧) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
(૨) મદદનીશ શ્રમ આયુકતશ્રી (તમામ)
(૩) સરકારી શ્રમ અધિકારીશ્રી (તમામ)

શ્રમ આયુકત,
ગુજરાત રાજય, ગાંધીનગર

લધુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત.

લધુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારીત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર હવે તા.૧-૧૦-૨૦૧૮ થી તા. ૩૧-૦૩-૨૦૧૯ સુધીના સમય માટે નીચે મુજબ રહેશે.

| ક્રમ | અનુસુચિત રોજગારી/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂા. પૈસા ) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | શીપ બ્રેકીંગ તથા સ્વીપીંગ અને કલીનીંગકામની રોજગારી(વ્યવસાય) | રૂા.૪૧.૫૦ પૈસા |
| ૨ | ઇંટ ઉત્પાદન, જરી ઉધોગ, (અખાડેદાર સિવાય), રેડીમેડ ગારમેન્ટ અને દરજીકામનો વ્યવસાય,રેડીમેડ ગારમેન્ટમાં પીસ રેટથી કામ કરતા શ્રમયોગીઓ માટે, મીઠા ઉધોગ અને તમાકુ અને બીડી બનાવવાના કામ અંગેની રોજગારી(વ્યવસાય) | રૂા.૧૨૩.૭૦ પૈસા |
| ૩ | અનુ. નં ૧,૨ અને અગરબતી બનાવવાની રોજગારી સિવાયની દરેક રોજગારી (વ્યવસાય) | રૂા.૩૬.૨૦ પૈસા |

અનું નં ૧, ૨ અને ૩ ની સામે દર્શાવેલ વ્યવસાયમાં આ સમયગાળા દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દરમાં રુા.૪-૪૦ પૈસાનો ઘટાડો થયેલ છે. પરંતુ ગુજરાત રાજયના વિવધ માલિક મંડળો/એસોસીએશનો ધ્વારા તેઓના સભ્યોને ખાસ ભથ્થાના હાલના પ્રવર્તમાન દરો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી યથાવત રાખવા આગ્રહ ભરી અપીલ કરેલ છે.જે ધ્યાને લેતાં કાળજીપૂર્વક વિચારણાના અંતે હાલના ખાસ ભથથાનાં પ્રવર્તમાન દરો ઉકત કોલમ નં.૩માં દર્શાવ્યા મુજબના તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી યથાવત રાખવામાં આવે છે

નાયબ શ્રમ આયુકત
અને લધુતમ વેતન અધિનિયમ,૧૯૪૮
અન્વયેના સક્ષમ અધિકારી, ગાંધીનગર